**RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY**

R.C.C.I. Since 1954



# રાજકોટ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૪-૨૫ ના કરબોજ વગરના બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા આવકાર...

રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી આનંદ પટેલ સાહેબ દ્વારા વષ્ૃા ૨૦૨૪-૨૫ માટેનું તૈયાર કરાયેલ ડ્રાફટ બજેટમાં સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર દ્વારા ગહન અભ્યાસ, મંથન, સેવા અને જવાબદારી સામે આવકના સ્ત્રોત સહિતના વિવિધ મુદાઓને ધ્યાને લઈ ફેરફાર કરી કરબોજ વગરનંટ જે બજેટ રજુ કર્યું છે. તેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ આ બજેટને આવકારતા જણાવેલ કે, રાજકોટ દેશના સૌથી વિકસતા મહાનગરોમાં સામેલ થયેલ છે. તેમજ "સ્માર્ટ સીટી" પણ બની રહયું છે અને ઉધોગો પણ ઝડપથી આગળ વધી રહયા છે. આ બજેટમાં રાજકોટના વેપાર-ઉધોગકારો તેમજ જનતાની સુખાકારી તથા વધુ સુવિધાઓ મળવાપાત્ર થાય તેવી અનેક જોગવાઈઓ-નિર્ણયો લીધેલ છે. જેમાં ખાસ કરીને વેરા વધારામાંથી નાબુદી, આજી જીઆઈડીસીને જોડતો નવો બ્રીજ, નવા સાઉથ ઝોનનું નિર્માણ, દિવ્યાંગો અને સિનીયર સિટીઝનોને સીટી બસમાં ફ્રીમાં મુસાફરી, શાળાઓનું નવિનીકરણ, નવા કોમ્યુનીટી હોલનું નિર્માણ, નવી લાઈબ્રેરી, મુખ્ય માર્ગોને વ્હાઈટ ટોપીંગ ટેકનોલોજી વડે ટકાઉ બનાવવા, સોલાર રૂફટોપનો મહતમ ઉપયોગ, વોર્ડ ઓફિસોનું નવિનીકરણ તેમજ રોડ-રસ્તા, આરોગ્ય, પાણી, સ્ટ્રીટ લાઈટ, સફાઈ, વિગેરે જેવી પ્રાથમીક સુવિધાઓને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. આમ રાજકોટ મહાનગરપાલિકાએ વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈ પ્રજાલક્ષી બજેટ આપવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે રાજકોટ શહેરને વધુ વિકાસશીલ બનાવવા આપણે સૌ સાથ સહકાર આપીશું.

વધુમાં આજી રીવરફ્રન્ટ પ્રોજેકટ તાત્કાલીક હાથ ઉપર લઈ વ્હેલીતકે પરીપુર્ણ કરવા માટે આશા વ્યકત કરવામાં આવે છે. જેથી રાજકોટની શોભામાં અભિવૃદ્ધિ થશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.